INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૦-૦૨-૨૦૨૬**

- **"ડબલ એન્જિન" ની ખોખલી ગાથા આજે ગુજરાતને "ટ્રિપલ દેવાદાર" બનાવવાની કગાર પર લાવી પહોંચી છેઃ ડૉ. મનિષ દોશી**
- **રાજ્ય પર અંદાજે રૂ. ૪,૪૫,૫૩૭ કરોડથી વધુનું જાહેર દેવું છે. દરેક ગુજરાતી ના માથે સરેરાશ રૂ. ૬૮,૫૭૭ જેટલું દેવું શું આ છે ભાજપનું "ગુજરાત મોડેલ"? : ડૉ. મનિષ દોશી**
- **ભાજપ સરકારના દેવાળિયા અને બેજવાબદાર વહિવટ અંગે શ્વેત પત્ર જાહેર કરવાની માંગ :ડૉ. મનિષ દોશી**

ગુજરાતમાં ભાજપાની સરકાર વર્ષોથી વિકાસના નામે ભવ્ય જાહેરાતો, ચમકદાર સમારંભો અને ઈવેન્ટ મેનેજમેન્ટ રાજકારણ ચલાવી રહી છે. પરંતુ હકીકત એ છે કે **રાજ્ય પર અંદાજે રૂ. ૪,૪૫,૫૩૭ કરોડથી વધુનું જાહેર દેવું છે. દરેક ગુજરાતી ના માથે સરેરાશ રૂ. ૬૮,૫૭૭ જેટલું દેવું શું આ છે ભાજપનું "ગુજરાત મોડેલ"? ભાજપ સરકારના દેવાળિયા અને બેજવાબદાર વહિવટ અંગે શ્વેત પત્ર જાહેર કરવાની માંગ** કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર વિકાસ કરતાં વધુ "વિઝ્યુઅલ્સ"માં વિશ્વાસ રાખે છે. જાહેરાતો પર કરોડો રૂપિયાનો વરસાદ થાય છે, ફોટોશૂટ અને ઈવેન્ટ્સમાં જાહેર નાણાં વહેંચાઈ જાય છે, પરંતુ યુવાનોને રોજગાર ક્યાં છે? ભાજપ સરકાર વિજ્ઞાનને બદલે વિજ્ઞાપન પર વધુ ધ્યાન આપી રહી છે. શિક્ષિત યુવાનો નોકરી માટે દરવાજે-દરવાજે ભટકી રહ્યા છે. ખેડૂતો પોતાના પાકના વાજબી ભાવ માટે રસ્તા પર ઊતરવા મજબૂર છે. નાના વેપારીઓ મોંઘવારી, GST અને બજાર મંદીથી ત્રસ્ત છે. વિદ્યાર્થી-વાલીઓ ઉંચા ફીના ધોરણોથી પારાવાર આર્થિક સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. જો આને વિકાસ કહેવામાં આવે, તો નિષ્ફળતા કોને કહેવાય?

ગુજરાતમાં ઘરગથ્થુ પરિવારોનો નોંધપાત્ર હિસ્સો કર્જના દબાણનો સામનો કરી રહ્યો છે. આશરે ૬૧% ગ્રામિણ પરિવારો "હવે ખર્ચો, પછી ચૂકવો" જેવી સંકટમય સ્થિતિથી પ્રભાવિત થયા છે. ૨૦૨૫ના અંત સુધીના આંકડાઓ મુજબ, ગુજરાતમાં નાના ઉધાર લેનારાઓના ૯૦ લાખથી વધુ ખાતાઓ પર સરેરાશ રૂ. ૪૨,૦૦૦ જેટલું કર્જ બાકી હતું. માર્ચ ૨૦૨૫ સુધીમાં, ગુજરાતમાં ૧૩ લાખથી વધુ લોકો પર રૂ. ૪૫,૦૦૦ કરોડના વાહન લોન બાકી હતા. ઉપરાંત, ૯.૫૨ લાખ લોકો પાસે ટીવી, ફ્રિજ, મોબાઈલ વગેરે જેવી વપરાશની વસ્તુઓ માટે લીધેલા રૂ. ૨,૦૧૮ કરોડની લોન બાકી હતા. "ડિજિટલ લોન જાળ" ગામડાં સુધી પહોંચી ગઈ છે. ગુજરાતના કુલ કર્જધારકોમાંના ૬૧% લોન ખાતાઓ નાના શહેરો અને ગામડાંમાંથી છે, જેના કારણે ઘણા લોકો પહેલાના લોન ચૂકવવા માટે નવા લોન લેતા થયા છે. ૨૦૨૬ના એક અહેવાલ મુજબ, આશરે ૬૫ % ઉધાર લેનારાઓએ જણાવ્યું કે EMI ભરવા માટે તેમને શિક્ષણ, સારવાર અને ખોરાક જેવી આવશ્યક ખર્ચોમાં કપાત કરવી પડી.

પર્સનલ લોનનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ગુજરાતમાં ૧ કરોડથી વધુ ખાતાઓમાં કુલ રૂ. ૩.૯૯ લાખ કરોડની પર્સનલ લોન બાકી છે, અને આ મામલે ગુજરાત દેશભરમાં ચોથા ક્રમે છે. ૪૩% ખેડૂત પરિવારો કર્જમાં હતા, જેમાંથી ૩૪.૯૪ લાખ પરિવારો પાસે પાક લોન અને ટર્મ લોન બાકી હતી. સહેલાઈથી મળતા તાત્કાલિક લોન અને "બાય નાઉ, પે લેટર" (BNPL) યોજનાઓના વધારા કારણે ઘણાં પરિવારો માટે માસિક EMI ચૂકવવી વધુ કઠિન બની રહી છે.

દેવું માત્ર આંકડો નથી તે ભવિષ્ય પરનો ભાર છે. દેવું વધે એટલે વ્યાજનો બોજ વધે. એટલે કે આવતી પેઢીના હકકના નાણાં આજે જ ખર્ચાઈ રહ્યા છે. શું આ જવાબદાર શાસન છે કે આર્થિક બેદરકારી? "ડબલ એન્જિન"ના દાવા કરતી ભાજપ સરકાર સ્પષ્ટ કરે કે રાજ્યના દેવા અને વ્યાજની સંપૂર્ણ વ્હાઈટ પેપર જાહેર કરે. જાહેરાત અને ઈવેન્ટ ખર્ચમાં તાત્કાલિક કાપ મૂકે. ખાલી પડેલી સરકારી જગ્યાઓમાં પારદર્શક અને સમયબદ્ધ ભરતી કરે.

ગુજરાત ઉદ્યોગ, વેપાર અને સાહસ માટે ઓળખાય છે. પરંતુ આજનું શાસન ગુજરાતની ઓળખને દેવાના બોજ હેઠળ દબાવી રહ્યું છે. ગુજરાતના લોકો હવે પ્રશ્ન પૂછશે "જાહેર નાણાંનો હિસાબ ક્યાં છે?", માટે જવાબદાર કોણ?" આ સમય છે ખોખલા નારાઓ નહીં, પણ હિસાબ આપવાનો. આ સમય છે જાહેરાતો નહીં, પણ જવાબદારીનો.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવકતા